# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 17/06/2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**DAY: WEDNESDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) ફ્રાન્સમાં જી-સાત શિખર સંમેલનને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતર-રાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓને વિકાસશીલ દેશોને આર્થિક સશક્ત બનાવે તેવું તંત્ર વિકસાવવા જણાવ્યું.
2) પ્રધાનમંત્રી મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફ્રાન્સમાં દ્વિપક્ષીય બેઠક.
3) ગુજરાતમાં 493 કરોડ અને મહારાષ્ટ્રમાં 172 કરોડ રૂપિયાના ખર્ચની રેલવે પરિયોજનાને મંજૂરી.
4) ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં અલગઅલગ માર્ગ અકસ્માતમાં 12 લોકોના મોત - પ્રધાનમંત્રીએ દુ:ખ વ્યક્ત કર્યું.
5) ત્રણ મેચની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની બીજી મેચમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે લખનઉમાં મુકાબલો.

---

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# PM G7

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના એવિયાં-માં જી-સાત શિખર સંમેલનમાં એક મહત્વના કાર્યસત્રને સંબોધતા કહ્યું, આંતર-રાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓએ વિકાસશીલ દેશોને આર્થિક મજબૂતી આપે તેવું તંત્ર બનાવવું જોઈએ. તમામ લોકો માટે સંતુલિત, સમાવેશી અને સતત આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવું એ આ સત્રનો વિષય હતો.

શ્રી મોદીએ આફ્રિકા, લેટિન અમેરિકા અને પ્રશાંત ટાપુ દેશોને જોડતી સંપર્ક પરિયોજનાઓનો પણ પ્રસ્તાવ મુક્યો. તેમણે સંપર્ક અને વેપારમાં વૃદ્ધિ લાવવા આંતર-રાષ્ટ્રીય ટ્રાફિક ભાગીદારી તૈયાર કરવાનો પણ મંતવ્ય રજૂ કર્યો. તે અંતર્ગત જી-સાત દેશોની મૂડી, ભારતીય પ્રતિભાઓ અને વૈશ્વિક દક્ષિણના દેશોને એકસાથે લવાઈ શકે છે.

શ્રી મોદીએ કહ્યું, ચોક્કસ વૃદ્ધિથી સમાવેશી અને લોકોના વિકાસને મજબૂતી મળે છે. તેમણે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના મૂળમંત્ર સાથે ભારતની વિકાસગાથાનો પણ ઉલ્લેખ કર્યો.

દરમિયાન પ્રધાનમંત્રી મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આજે યોજાનારી દ્વિપક્ષીય બેઠક પર સૌની નજર છે.`1

**(V/C: ANKIT KUMAR)**

# PM GERMANY MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના એવિયાં-માં જી-સાત શિખર સંમેલનથી અલગ જર્મનીના ચાન્સલર ફ્રેડરિક મર્ત્ઝ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, જર્મનીના ચાન્સલર સાથે તેમનો સંવાદ લાભદાયી રહ્યો.

તેમણે કહ્યું, બંને નેતાએ વેપાર, રોકાણ, ચક્રીય અર્થતંત્ર, સંરક્ષણ, આઈટી અને અન્ય ક્ષેત્રમાં સહકારના માધ્યમથી દ્વિપક્ષીય સહકારને વધુ મજબૂત કરવા અંગે ચર્ચા કરી. તેમણે બંને દેશ વચ્ચે સાંસ્કૃતિક સંબંધને ગાઢ બનાવવા અંગે પણ વાતચીત કરી હતી.

# PM EU BILATERAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે એવિયનમાં જી-સાત સંમેલન દરમિયાન યુરોપિયન પરિષદના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન સંઘનાં વડાં ઉર્સુલા વૉન ડૅરલૅયન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી. ત્રણેય નેતાઓએ પરસ્પર હિતના પ્રાદેશિક અનેવૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું.

તેમણે ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર પર વાટાઘાટોના તાજેતરના નિષ્કર્ષની નોંધ લઈ તેને ઐતિહાસિક સિદ્ધિ ગણાવી. નેતાઓએ તેના પર વહેલા હસ્તાક્ષર અને અમલીકરણની જરૂરિયાત પર ભાર મુકતા કહ્યું, તે વેપાર અને રોકાણ માટે નોંધપાત્ર તકનું સર્જન કરશે અને પડકારજનક ભૂ-રાજકીય વાતાવરણ વચ્ચે પૂરવઠા શ્રૃંખલાનું વૈવિધ્યીકરણ કરવામાં મદદ કરશે.

# RAILWAY MAHARASHTRA

ભારતીય રેલવેએ મહારાષ્ટ્રમાં 172 કરોડ રૂપિયાના ખર્ચે સોમતાને-ચિખલી કોર્ડ લાઈન પરિયોજનાને મંજૂરી આપી છે. તેના નિર્માણથી પનવેલ જંક્શન પર ભીડ ઘટશે. રેલવે મંત્રાલયે જણાવ્યું, આ નવી કોર્ડ લાઈન કર્જત માર્ગ પર ચિખલી અને રોહા માર્ગ પર સોમતાને વચ્ચે એક મહત્વનો રેલવે સંપર્કની અછતને દૂર કરશે. તેનાથી ટ્રેનોને પનવેલ જંક્શનમાં પ્રવેશ કર્યા વગર તેમજ એન્જિન બદલ્યા વગર કર્જત તરફ રોહા કોરિડોર વચ્ચે નિરંતર કનેક્ટિવિટી મળશે.

ઉપરાંત રેલવેએ ગુજરાતમાં 493 કરોડ રૂપિયાના ખર્ચે 49 કિલોમીટર લાંબા આદિપુર-ભુજ ખંડની ડબલિંગ યોજનાને મંજૂરી આપી. તેનો ઉદ્દેશ કચ્છ ક્ષેત્રમાં રેલવે સંપર્કને મજબૂત બનાવવાનો અને તેની ક્ષમતા વધારવાનો છે.

# RAILWAY EASTERN PROJECT

ભારતીય રેલવેએ પૂર્વ રેલવે પર સિગ્નલિંગ પ્રણાલિના આધુનિકીકરણ માટે 405 કરોડ રૂપિયાની પરિયોજનાને મંજૂરી આપી. તે અંતર્ગત 32 રેલવેમથક પર રિલે–આધારિત ઇન્ટરલૉકિંગ સિસ્ટમને ઇલેક્ટ્રોનિક ઇન્ટરલૉકિંગમાં પરિવર્તિત કરાશે.

રેલવે મંત્રાલયે આ પરિયોજનાને સિગ્નલિંગ માળખાના આધુનિકીકરણ અને રેલવે સુરક્ષાને મજબૂત કરવાની દિશેમાં એક મહત્વનું પગલું ગણાવી. મંત્રાલયે જણાવ્યું, આ પરિયોજનામાં ઉચ્ચ ઘનતાવાળા નેટવર્ક અને વધુ ઉપયોગ કરાતા નેટવર્ક માર્ગો પર 25 પેનલ ઇન્ટરલૉકિંગ રૂટ રિલે ઇન્ટરલૉકિંગ મથક અને સાત ઇન્ટરમીડિએટ બ્લોક સિગ્લનિંગ સ્થળ સામેલ છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# UP GUJ ACCIDENT

ગુજરાત અને ઉત્તરપ્રદેશમાં અલગ અલગ માર્ગ અકસ્માતમાં 12 લોકોના મોત થયાના અહેવાલ છે. ઉત્તરપ્રદેશના બદાયુંના જિલ્લા મેજિસ્ટ્રેટ અવનીશ રાયે કહ્યું, એક જ પરિવારની નવ મહિલા ઈ-રિક્ષામાં અન્ય એક ગામમાં લગ્ન સમારોહમાં જઈ રહી હતી. દરમિયાન સામેથી આવતા ટ્રેક્ટર સાથે ટક્કર થતાં છ મહિલાના મોત થયા છે. જ્યારે ઈજાગ્રસ્ત ત્રણ મહિલાને હૉસ્પિટલ ખસેડાઈ છે.

બીજી તરફ, ગુજરાતના વડોદરામાં વહેલી સવારે ચાર વાગ્યે કોટમ્બી સ્ટેડિયમ પાસે એક ટ્રક અને ખાનગી બસ વચ્ચે અકસ્માત સર્જાતા છ લોકોના મોત થયા છે. જ્યારે 27 જેટલા ઇજાગ્રસ્તોને હૉસ્પિટલ ખસેડાયા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના મહાનુભાવોએ આ અકસ્માત અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

# VAISHNAW PUNE VISIT

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારતે એક મુખ્ય ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. હવે ભારત વિશ્વનું છઠ્ઠું સૌથી મોટું ઇલેક્ટ્રોનિક્સ નિકાસકાર દેશ છે. પુણેમાં એક અમેરિકી કંપનીના ઉત્પાદન એકમના ઉદ્ઘાટન સમારોહમાં શ્રી વૈષ્ણવે કહ્યું, હાલમાં દેશમાં બે સેમિકન્ડક્ટર પ્લાન્ટ નિર્માણાધીન છે અને આ વર્ષના અંત સુધીમાં તેમની સંખ્યા વધીને ચાર થઈ જશે.

## (BYTE: ASHWINI VAISHNAW)

# CRICKET

ઉત્તરપ્રદેશના લખનઉમાં ત્રણ મેચની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની બીજી મેચમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે હાલ મુકાબલો ચાલી રહ્યો છે. અફઘાનિસ્તાનની ટીમે પહેલા બોલિંગ પસંદ કરતા ભારતે 402 રન બનાવ્યા. ટીમ તરફથી સૌથી વધુ 154 રન સુકાની શુભમન ગિલે કર્યા છે. જ્યારે ઈશાન કિશને 125 રનનું યોગદાન આપ્યું.

જ્યારે અફઘાનિસ્તાન તરફથી નાંગીરીયા ખારોટે 4, રાશીદ ખાને 3, એ.એમ. ગઝનફર અને મોહમ્મદ સલિમે 1-1- વિકેટ લીધી.

હાલમાં મળતા અહેવાલ મુજબ, અફઘાનિસ્તાનની ટીમે 27 ઑવરમાં 4 વિકેટ ગુમાવી 150 રન કર્યા છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય ટીમ હાલ આ શ્રેણીમાં એક શૂન્યથી આગળ છે.

# WOMEN'S T20 WORLD CUP

ICC મહિલા T-20 વિશ્વકપમાં આજે ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. લીડ્સના હેડિંગ્લી ખાતે ગ્રૂપ એ ક્રિકેટ મેચમાં રમાનારી મેચમાં નેધરલેન્ડ્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. હાલમાં મળતાં અહેવાલ મુજબ, ભારતે અત્યાર સુધી 11 ઑવરમાં વિના વિકેટે ગુમાવી 104 રન કર્યા છે.

# FIFA WORLD CUP

ફિફા ફૂટબૉલ વિશ્વકપમાં ઑસ્ટ્રિયાએ જોર્ડનને ત્રણ-એકથી હરાવ્યું. હવે જોર્ડનનો આગળનો મુકાબલો અલ્જિરીયા સાથે થશે. જ્યારે ઑસ્ટ્રિયા ગૃપ– જે-માં વર્તમાન વિજેતા અર્જેન્ટિના સામે રમશે.

અર્જેન્ટિનાએ આજે સવારે અલ્જિરીયાને ત્રણ શૂન્યથી હરાવ્યું હતું. લિયોનેલ મેસ્સીએ આ મેચમાં હેટ્રિક ગોલ કરીને ઇતિહાસ રચ્યો. મેસ્સી વિશ્વકપમાં સૌથી વધુ 16 ગોલ કરવાના વિક્રમમાં જર્મનીના મિરો-સ્લાવ ક્લોઝની બરાબરી સુધી પહોંચી ગયા છે. નોર્વેએ આજે સવારે ગૃપ આઈ-ની તેની પહેલી મેચમાં ઈરાક સામે ચાર-એકથી જીત મેળવી.

# HOME CYBER HELPLINE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ હેલ્પલાઇન 1930ની કામગીરીની સમીક્ષા કરી અને તેને ફરીથી સુધારવા અધિકારીઓને સૂચના આપી. શ્રી શાહે અધિકારીઓને રિપોર્ટિંગની સરળતા માટે કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. અને બહુભાષી સહાયનો ઉપયોગ કરવાનો પણ નિર્દેશ આપ્યો.

તેમણે સંસ્થાઓને દરેક કૉલને તેના તાર્કિક અંત સુધી પહોંચાડવા રાજ્યો સાથે નજીકથી કામ કરવાનો નિર્દેશ આપ્યો તેમજ બેન્ક ખાતા ટાંચમાં લેવા એટલે કે, ફ્રીઝ કરવાથી સર્જાતી ફરિયાદોનો નિકાલ કરવા પણ જણાવ્યું.

# RAJNATH INDIA SECURITY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું,આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિથી લઈ સર્જિકલ સ્ટ્રાઈક, બાલાકોટ અને ઑપરેશન સિંદૂર જેવી નિર્ણાયક કાર્યવાહી સુધી ભારતે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, ભારતના સાર્વભૌમત્વ સાથે કોઈ સમાધાન નહીં કરાય.

સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી સિંઘે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે પોતાના રાષ્ટ્રીય સુરક્ષા માળખામાં ઐતિહાસિક પરિવર્તન જોયું છે. તેમણે કહ્યું, ગત પાંચ વર્ષમાં દેશે સંરક્ષણ ક્ષેત્રમાં અનેક મહત્વની સિદ્ધિઓ હાંસલ કરી છે.